જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧, ૮૪૦૧૦ ૧૮૬૫૬

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । ગુરુવાર । તા. ૧૫-૧૧-૨૦૧૮ । વર્ષ : ૧૫ । પાના : ૦૪ । છૂટક નકલ : ૩ રૂા. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂા.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

જળસંચયની કામગીરીમાં કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર થયો હોવાનું સામે આવતાં સરકાર જાગી

કૌભાંડકારી 'જમીન વિકાસ નિગમ'ને તાળા મારશે રૂપાણી સરકાર

૪૦૦ કર્મચારીઓને બીજા વિભાગમાં ખસેડાશે, નિગમને તાળા લાગ્યા બાદ આ કર્મચારીઓને કોર્પોરેશન કે અન્ય કોઈ વિભાગમાં સમાવવામાં આવશે

જમીન વિકાસ નિગમ હેઠળ જે મિલકતો રહી છે તેને સરકાર પોતાના હસ્તક લેશે, તેમજ તેનો ઉપયોગ અન્ય કોઈ સરકારી કામ માટે લેવામાં આવશે

ગાંધીનગર

ગુજરાત સરકારે કૌભાંડનું ઘર બની ગયેલા જમીન વિકાસ નિગમને બંધ કરવાનો નિર્ણય કર્યો છે. આ માટે રાજય સરકારે સૈદ્ધાંતિક મંજૂરી આપી દીધી છે. જળસંચયની કામગીરીમાં કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર થયો હોવાનું સામે આવ્યા બાદ સરકારની પ્રતિષ્ટા ન ખરડાઈ તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે આ વર્ષે એપ્રિલ મહિનામાં એસીબી (લાંચ રૂશ્વત વિરોધ શાખા)એ જમીન વિકાસ નિગમની કચેરીમાં દરોડાં પાડયાં હતાં. દરોડ દરમિયાન મેનેજિંગ ડિરેક્ટર કે.એસ.દેત્રોજા, જોઈન્ટ ડાયરેક્ટર કે.સી. પરમાર, મદદનીશ નિયામક એમ.કે. દેસાઇ, ફિલ્ડ સુપરવાઈઝર એસ.એમ. વિગતો સામે આવી હતી.

મળતી માહિતી પ્રમાણે સરકારે એસીબીને આ કૌભાંડની તપાસ કરીને એક રિપોર્ટ તૈયાર કરવાનું કહ્યું હતું. એસીબીના તપાસમાં માલુમ પડ્યું હતું કે જમીન વિકાસ નિગમમાં નીચેથી લઈને ઉપર સુધીના અધિકારીઓ તરફથી ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો છે. જે બાદમાં સરકારે નિર્ણય લીધો છે. નોંધનીય છે કે જમીન વિકાસ નિગમનું કૌભાંડ બહાર આવ્યા બાદ કોંગ્રેસે સરકાર પર હુમલો કર્યો હતો. એટલું જ નહીં સરકારને પણ એવું લાગ્યું હતું કે આ નિગમને ચાલુ રાખવાથી સરકારી પ્રતિષ્ઠા ખરડાઈ શકે છે.

હાલ જમીન વિકાસ નિગમને જ તાળું મારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ માટે રાજય સરકારે સૈદ્ધાંતિક મંજૂરી આપી દીધી છે. જળસંચયની કામગીરીમાં કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર થયો હોવાનું સામે આવ્યા બાદ સરકારની પ્રતિષ્ટા ન ખરડાઈ તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે આ વર્ષે એપ્રિલ મહિનામાં એસીબી (લાંચ રૂશ્વત વિરોધ શાખા)એ જમીન વિકાસ નિગમની કચેરીમાં દરોડાં પાડયાં હતાં. દરોડ દરમિયાન મેનેજિંગ ડિરેક્ટર કે.એસ.દેત્રોજા, જોઈન્ટ ડાયરેક્ટર કે.સી. પરમાર, મદદનીશ નિયામક એમ.કે. દેસાઇ, ફિલ્ડ સુપરવાઈઝર એસ.એમ. વિગતો સામે આવી હતી.

મળતી માહિતી પ્રમાણે સરકારે એસીબીને આ કૌભાંડની તપાસ કરીને એક રિપોર્ટ તૈયાર કરવાનું કહ્યું હતું. એસીબીના તપાસમાં માલુમ પડ્યું હતું કે જમીન વિકાસ નિગમમાં નીચેથી લઈને ઉપર સુધીના અધિકારીઓ તરફથી ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો છે. જે બાદમાં સરકારે નિર્ણય લીધો છે. નોંધનીય છે કે જમીન વિકાસ નિગમનું કૌભાંડ બહાર આવ્યા બાદ કોંગ્રેસે સરકાર પર હુમલો કર્યો હતો. એટલું જ નહીં સરકારને પણ એવું લાગ્યું હતું કે આ નિગમને ચાલુ રાખવાથી સરકારી પ્રતિષ્ઠા ખરડાઈ શકે છે.

હાલ જમીન વિકાસ નિગમમાં ૪૦૦ જેટલા કર્મચારીઓ કામ કરી રહ્યા છે. નિગમને તાળા લાગ્યા બાદ આ કર્મચારીઓને કોર્પોરેશન કે અન્ય કોઈ વિભાગમાં સમાવવામાં આવશે. આ ઉપરાંત હાલ આ નિગમ હેઠળ જે પણ યોજનાઓ ચાલી રહી છે તેને સિંચાઈ અને કૃષિ વિભાગ હેઠળ ચાલુ રાખવામાં આવશે. હાલ જમીન વિકાસ નિગમ હેઠળ જે મિલકતો રહી છે તેને સરકાર પોતાના હસ્તક લેશે, તેમજ તેનો ઉપયોગ અન્ય કોઈ સરકારી કામ માટે લેવામાં આવશે.

એસીબીની તપાસમાં માલુમ પડ્યું હતું કે જમીન વિકાસ નિગમ તરફથી ચાલતી અને યોજનાઓ માત્ર કાગળ પર ચાલતી હતી. ખેત તલાવડી યોજના પણ જમીન વિકાસ નિગમ હેઠળ જ આવતી હતી. આ યોજનામાં મોટા પાયે કટકી કરવામાં આવી હોવાની માહિતી મળી હતી. એસીબીએ દરોડા પાડીને જમીન વિકાસ નિગમના જે અધિકારીઓની ધરપકડ કરી હતી તે હાલ જેલમાં બંધ છે. એટલું જ નહીં જેમની સામે કેસ નોંધાયેલા છે તેમની સામે કાર્યવાહી ચાલુ રહેશે.

દિલ્હીમાં રામ મંદિર માટે નવ ડિસેમ્બરે વિરાટ રેલી

નવી દિલ્હી

અયોધ્યામાં ભગવાન રામના ભવ્ય મંદિરના નિર્માણ માટે હવે રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘ અને વિશ્વ હિન્દુ પરિષદે આરપારની લડાઇ લડવા માટેનો નિર્ણય કરી લીધો છે. આની જાહેરાત પણ કરી દેવામાં આવી છે. આના ભાગરૂપે રામ મંદિરના નિર્માણને લઇને દબાણ લાવવા નવમી ડિસેમ્બરના દિવસે દિલ્હીમાં વિરાટ રેલી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સંસદના શિયાળ સત્ર પહેલા દિલ્હીના રામ લીલા મેદાનમાં આના માટે નવમી ડિસેમ્બરે ભવ્ય રેલી યોજવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આને લઇને પહેલાથી જ સંઘ અને વિહિપ દ્વારા જોરદાર તૈયારી પણ શરૂ કરવામાં આવી છે. આ રેલીમાં આઠ લાખ લોકો પહોંચે તેવી શક્યતા દેખાઇ રહી છે. આ રેલીમાં મોટી સંખ્યામાં સાધુ સંતો પણ પહોંચનાર છે. હજુ સુધી પ્રાપ્ત થયેલી માહિતી મુજબ આ વિરાટ રેલીમાં સંઘના તમામ મોટા નેતા પહોંચનાર છે. અખિલ ભારતીય સંત સમિતિની તરફથી આયોજિત કરવામાં આવેલી આ રેલી મારફતે કેન્દ્ર સરકાર પર દબાણ લાવવામાં આવનાર છે. કેન્દ્ર સરકારને વટહુકમ લાવીને રામ મંદિર નિર્માણ માટે માર્ગ મોકળો કરવા જણાત કરવામાં આવનાર છે. હકીકતમાં સુપ્રીમ કોર્ટે આ મામલા સાથે જોડાયેલી સુનાવણીને જાન્યુઆરી સુધી ટાળી દીધી છે. જેના કારણે સંઘ, વિશ્વ હિન્દુ પરિષદ અને અન્ય હિન્દુ સંગઠનોમાં નારાજગી દેખાય છે. કોર્ટે કહ્યુ છે કે તે આ મામલાને યોગ્ય બેંચને સોંપી દેશે. આ બેંચ જ ત્યારબાદ તારીખ અંગે નિર્ણય કરી શકશે. સુપ્રીમ કોર્ટના આ પ્રકારના વલણ બાદ નારાજગી વધી રહી છે. સુપ્રીમ કોર્ટના આવા વલણ બાદ અયોધ્યામાં રામ મંદિરના નિર્માણને લઇને આંદોલન વધારે તીવ્ર બની રહ્યા છે. રામ મંદિર નિર્માણ માટે કાનુન બનાવવા માટેની માંગ વધુને વધુ તીવ્ર બની રહી છે. બીજી બાજુ સંઘે ૨૫મી નવેમ્બરના દિવસે અયોધ્યા, નાગપુર, બેંગલોરમાં જનાગ્રહ રેલી યોજવાનો નિર્ણય કર્યો છે. આ રેલીનો હેતુ અયોધ્યામાં રામ મંદિર બનાવવા માટે લોકોનુ સમર્થન એકત્રિત કરવાનો છે. અત્રે નોંધનીય છે કે વર્ષો જુના અયોધ્યા વિવાદ કેસના મામલામાં સુનાવણી સુપ્રીમ કોર્ટે ૨૯મી ઓક્ટોબરના દિવસે જાન્યુઆરીના પ્રથમ સપ્તાહ સુધી ટાળી દીધી હતી.

શ્રીલંકાના રાજકારણમાં ભૂકંપ: સંસદમાં અવિશ્વાસનો પ્રસ્તાવ થયો પસાર

કોલંબો

શ્રીલંકામાં ગત કેટલાક દિવસોથી ચાલી રહેલા રાજકીય અસ્થિરતા વચ્ચે સંસદમાં બુધવારે મહિંદા રાજપક્ષે સરકારની વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ દાખલ કરાયો છે. અગાઉ સોમાવારે શ્રીલંકાની સુપ્રીમ કોર્ટે સંસદ ભંગ કરવાના રાષ્ટ્રપતિ સિરિસેનાના નિર્ણયને ફેરવી દીધો હતો અને ૫ જાન્યુઆરીએ મધ્યસ્થી ચૂંટણીની તૈયારીઓ પર રોક લગાવી દીધી હતી. કોર્ટના આ નિર્ણયથી રાનિલ વિક્રમસિંઘેને મોટી રાહત મળી છે. નોંધનીય છે કે, શ્રીલંકાના રાષ્ટ્રપતિ સિરિસેનાએ વિક્રમસિંઘેને વડાપ્રધાનના પદ પરથી બર્ખાસ્ત કરીને રાજપક્ષે વડાપ્રધાન પદ પર નિમણૂક કરી દીધી હતી.

શ્રીલંકાની ૨૫૫ બેઠક વાળી સંસદમાં આ મતદાન બુધવારે યોજાયું હતો. સંસદે મહિંદા રાજપક્ષે વિરુદ્ધ પસાર કરેલા અવિશ્વાસ પ્રસ્તાવને ભારે મતોથી પસાર કરી દીધો છે. સ્પીકર કારુ જયસૂર્યાએ આની ઘોષણા કરી હતી કે, સંસદના મોટા ભાગના સભ્યોએ રાજપક્ષે વિરુદ્ધ મત આપ્યા છે. અગાઉ સિરિસેનાએ ૨૬ ઓક્ટોબરે રાનિલ વિક્રમ સિંઘેને પદ પરથી બર્ખાસ્ત કરી મહિંદા રાજપક્ષેની વડાપ્રધાન તરીકે નિમણૂક કરી હતી જોકે સંસદમાં રાજપક્ષેના પક્ષ પાસે બહુમતિ નહતી જેની જાણ રાષ્ટ્રપતિને પણ હતી, જેથી તેમણે સંસદના કાર્યકાળ પૂર્ણ થાય તે પહેલા ૯ નવેમ્બર સુધી સંસદને ભંગ કરી દીધી હતી. સિરિસેનાના આ નિર્ણયને સુપ્રીમ કોર્ટમા પડકારવામાં આવ્યો હતો.

છત્તીસગઢના બીજાપુરમાં કરાયો હુમલો

નક્સલીઓએ કર્યો હુમલો, ૪ જવાન સહિત ૬ ઘાયલ

છત્તીસગઢના બીજાપુર જિલ્લાથી થોડે દૂર નક્સલીઓએ આઈઈડી બ્લાસ્ટ કર્યો : ઘાયલોને સારવાર અર્થે ખસેડાયા

રાયપુર

છત્તીસગઢમાં માઓવાદીઓએ ફરી એકવાર સુરક્ષાદળો પર હુમલો કરતા ખળભળાટ મચી જવા પામ્યો છે. રાજયના બીજાપુર જિલ્લાથી થોડે દૂર એક આઈઈડી બ્લાસ્ટ કરવામાં આવ્યો છે, જેમાં બોર્ડર સિક્યોરીટી ફોર્સ (બીએસએફ)ના ૪ જવાનો ઘાયલ થયા હોવાની માહિતી સામે આવી છે. આ ઉપરાંત એક ડિસ્ટ્રિક્ટ રીઝર્વ ગાર્ડ (ડીઆરજી) અને એક સામાન્ય નાગરીક પણ આ હુમલામાં ઘાયલ થયો છે. માનવામાં આવી રહ્યુ છે કે, નક્સલીઓના હુમલા બાદ સુરક્ષાદળોએ મોરચો સંભાળી લીધો હતો અને થોડા સમય માટે બન્ને પક્ષે અથડામણ પણ ચાલી હતી. મહત્વનુ છે કે, પ્રથમ તબક્કાના મતદાન દરમિયાન પણ બીજાપુરમાં સીઆરપીએફ અને નક્સલીઓ વચ્ચે અથડામણ થઈ હતી. મળતી માહિતી મુજબ, છત્તીસગઢના બીજાપુરથી આશરે ૭ કિલોમીટર દૂર બીજાપુર ઘાટીમાં એક આઈઈડી બ્લાસ્ટ કરવામાં આવ્યો. આ બ્લાસ્ટમાં ૪ બીએસએફ જવાન, એક ડીઆરજી અને એક નાગરીક ઈજાગ્રસ્ત થયા છે. તમામ ઘાયલોને સારવાર માટે તાત્કાલિક બીજાપુર હોસ્પિટલમાં ખસેડાયા છે. તેમજ આ હુમલાની પુષ્ટી નક્સલ-વિરોધી ઓપરેશનના ડીઆઈજી પી સુંદરરાજે કરી છે. તેમણે જણાવ્યુ કે, સુરક્ષાદળો અને નક્સલીઓ વચ્ચે અથડામણ સ્થળે ફાયરીંગ યથાવત છે. જોકે, સ્થિતિ કંટ્રોલમાં છે. મહત્વનુ છે કે, છત્તીસગઢમાં વિધાનસભા માટે ચુંટણી યોજાઈ રહી છે.

એથલીટના આપઘાતથી ચકચાર

એથલીટ પાલેંદર ચૌધરીએ ગળે ફાંસો ખાઈ કર્યો આપઘાત

પિતા સાથે કોઈ વાતને લઈ વિવાદ થતા ભર્યું પગલું : સૂત્ર

નવી દિલ્હી

યુવા એથલીટ પાલેંદર ચૌધરીએ દિલ્હીના જવાહરલાલ નેહરુ સ્ટેડિયમ સ્થિત એકેડમીમાં ગળે ફાંસો ખાઈને આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. સુત્રોના જણાવ્યા મુજબ, ૧૮ વર્ષીય સ્પ્રિંટર પાલેંદર ચૌધરીએ હોટલના એક રુમમાં પંખા સાથે લટકીને જીવન ટુંકાવ્યુ છે. સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયાના અધિકારીએ જણાવ્યુ કે, એથલીટ પાલેંદર ચૌધરીનો એક દિવસ અગાઉ તેના પિતા સાથે ફોન પર કોઈ વાતને લઈ ઝઘડો થયો હતો. અધિકારીએ જણાવ્યુ કે, આ



વિવાદને ઉકેલવા માટે તેની બહેને પણ એથલીટ સાથે વાત કરી, પરંતુ દુર્ભાગ્યથી અમે તેને બચાવી ન શક્યા. જોકે, એથલીટની રુમમાંથી કોઈ સુસાઈડ નોટ મળી નથી. સુત્રોના જણાવ્યા મુજબ એથલીટ ૧૦૦ અને ૨૦૦ મીટર ફર્રાટા દોડવીર હતો અને ૨૦૧૭માં થાઈલેન્ડની મેજબાનીમાં યોજાયેલ યુથ એશિયા એથલેટિક મીટમાં ભારત માટે ભાગ લીધો હતો. અલીગઢના આ એથલીટના આત્મહત્યા કરવા પાછળનુ કારણ જાણવા મળ્યુ નથી, પરંતુ સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ઈન્ડિયાના અધિકારીએ પોતાના નિવેદનમાં પિતા સાથેનો વિવાદ ગણાવ્યો છે. સુત્રોના જણાવ્યા મુજબ ઘટનાની જાણકારી મળતા જ હોટલ પ્રશાસને તાત્કાલિક એથલીટને દિલ્હીની સફદરજંગ હોસ્પિટલમાં ખસેડ્યો, જયાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો.

પીએનબીને મળ્યો ડિંગો

નીરવ મોદી વિદેશી બેંકોને કરોડો રુપિયા ચુકવવા તૈયાર થઈ ગયો

નવી દિલ્હી

પંજાબ નેશનલ બેંક ગોટાળાના મુખ્ય આરોપી નીરવ મોદીની તલાશ હજી પણ ચાલુ છે. નીરવ મોદી ભારતની બેંકોના હજારો કરોડનુ ફુલેકું ફેરવીને ફરાર છે અને તેને પાછા આપવા માટે રાજી નથી. પરંતુ હવે આવી રહેલા અહેવાલો મુજબ, નીરવ મોદી બે વિદેશી બેંકોમાંથી લેવામાં આવેલી લોન પાછી આપવા માટે તૈયાર થઈ ગયો છે. અમેરીકાની એચએસબીસી બેંક અને ઈઝરાયલની ડિસ્કાઉન્ટ બેંકને નીરવ મોદીની કંપનીઓ પાસેથી વસુલાત કરી છે. બન્ને બેંકો ન્યુયોર્કની કોર્ટમાંથી આ વસુલાત માટેનો આદેશ મળ્યો હતો. તેનુ અમલીકરણ કરવામાં આવ્યુ છે. મહત્વપૂર્ણ છે કે, એક તરફ જયાં ભારતની પીએનબી હજી સુધી પોતાના નાણાંની વસુલાતમાં નાકામ છે. ત્યારે બીજીબાજુ નીરવ મોદી પાસેથી વિદેશી બેંકોને વસુલાત કરવામાં સફળતા મળી રહી છે. ન્યુયોર્કની આઈડીબી બેંકે નીરવ મોદીની ત્રણ કંપનીઓને એક કરોડ ૨૦ લાખ ડોલરની લોન ૨૦૧૩માં આપી હતી. જયારે એચએસબીસીએ ૨૦૦૮માં એક કરોડ ૬૦ લાખ ડોલરની લોન આપી હતી. આ લોન નીરવ મોદીની કુલ મિલકતોથી ઘણી ઓછી છે. તેને કારણે યુએસ ટ્રસ્ટીએ બેંકો અને કોર્ટને વિશ્વાસ અપાવ્યો છે કે તેમની વસુલાત પૂરી થઈ જશે.

પઠાણકોટમાં ચાર શંકાસ્પદો કાર ચોરી ફરાર, પોલીસનું એલર્ટ

કોલંબો

પંજાબ જમ્મુ સરહદેથી મોટા સમાચાર સામે આવ્યા છે. પંજાબ જમ્મુ સરહદે ચાર શખ્સોએ ભાડે કરેલી એક ઈનોવા કાર લઈ ફરાર થઈ ગયા છે. સિલ્વર કલરની આ કાર સાથે ફરાર થયેલા શખ્સોની હાલત શંકાસ્પદ હોવાની વાત સામે આવતાં પોલીસ અને સુરક્ષા એજન્સીઓ સતર્ક બની છે અને આ શખ્સોને ઝડપી લેવા સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે.

પંજાબ જમ્મુ માધોપુર સરહદે આ ચાર શંકાસ્પદ શખ્સો દેખાયા હતા. JK 02AW 0922 નંબરની ઈનોવા કાર ભાડે કરી આ શખ્સો પઠાણકોટ તરફ આવી રહ્યા હતા. રસ્તામાં આ શખ્સોને આ કાર પડાવી લીધી હતી અને ફરાર થઈ ગયા હતા. કહેવાય છે કે, આ શખ્સો પઠાણકોટના રસ્તે આગળ ભાગ્યા છે. જે કાર લઈ શંકાસ્પદો ફરાર થયા છે એ સિલ્વર રંગની છે.

આ સમાચાર સામે આવતાં જ જમ્મુ અને પંજાબ પોલીસ ઉપરાંત સુરક્ષા એજન્સીઓ હરકતમાં આવી છે. આ શંકાસ્પદ શખ્સો દ્વારા કોઈ મોટા ઘટનાને અંજામ આપવામાં ન આવે એની તકેદારી સાથે આ શખ્સોને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસે આ વિસ્તારમાં નાકાબંધી કરી પસાર થતા વાહનોનું ચેકિંગ હાથ ધર્યું છે. વધુમાં આ શખ્સોને ઝડપી લેવા માટે પોલીસ દ્વારા સુરક્ષા એજન્સીઓને પણ જાણ કરવામાં આવી છે.

મુંબઈમાં રહેણાંક ફ્લેટમાં આગ લાગતાં બે લોકો જીવતા ભૂંજાયા

મુંબઈ: મુંબઈના અંધેરીમાં આવેલા એક ફ્લેટમાં કોઈ કારણોસર આગ લાગતા બે લોકોનાં મોત થયા. મળતી જાણકારી મુજબ, અંધેરીની ઓબેરોય હોટલ નજીક આવેલ એક બિલ્ડીંગના ફ્લેટમાં અચાનક આગ લાગવાની ઘટના બનતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જો કે, ફાયર વિભાગના જવાનો આવી પહોંચતા તેઓ પણ આ બચાવ કામગીરીમાં જોતરાયા હતા અને ફ્લેટમાં રહેલા ૫ લોકોને બહાર કાઢ્યા હતા. આગ વધુ પ્રમાણમાં પ્રસરી ગયેલ હોવાને કારણે ૨ લોકોના મોત નિપજ્યા હતા.



પુજ્ય જલારામ બાપાની જન્મજયંતીની આજે વિવિધ મંદિરોમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. બાલાજી રોડ સ્થિત જલારામ બાપાના મંદિરે ધરવામાં આવેલ અન્નકૂટના દર્શન કરવા વહેલી સવારથી જ શ્રધ્ધાઈળુ ભક્તો મોટી સંખ્યામાં ઉમટી પડયા હતા. દંશ્યમાન તસવીરમાં જલારામ બાપાને ધરાવાયેલા અન્નકૂટના દર્શન થાય છે.



ભૂખ્યાને અન્ન પીરસવાની અલખ જગાવનાર અને 'ટૂકડો ત્યાં હરી ઢૂકડો' સૂત્રને સાર્થક કરનાર વિરપુરના સંત જલારામ બાપાની જન્મ જયંતીની આજે ઠેર-ઠેર ઉજવણી કરવામાં આવી રહી છે. પ્રસિધ્ધ સંત જલારામ બાપાની જન્મ જયંતીની ઉજવણીછ સંદર્ભે વરાછા લાભેશ્વર વિસ્તારમાંથી આજે સવારે ભવ્ય શોભાયાત્રા યોજવામાં આવી હતી.

કસ્બામાંથી જથ્થાબંધ દારૂનો વેપલો નવસારી પોલીસ પર ડીવાયએસપી જાડેજાની તપાસ

બુટલેગર દ્વારા પોલીસ પર હુમલો કરાતા દારૂનું મોટું નેટવર્ક ઉઘાડું પડ્યું : રેન્જ આઈજીએ નિરીક્ષણ કર્યું

સુરત

નવસારીના કસ્બા ગામમાં સ્થિતિ એક શેરડીના ખેતરમાં લાખોના વિદેશી દારૂની હેરાફેરી થતી હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. જેમાં ૧૪ લાખનો વિદેશી દારુ અને ૧૦ વાહનો મળી કુલ ૫૭ લાખનો મુદ્દામાલ કબજે કરાયો હતો.

વ્યાપક ફરિયાદ બાદ સુરત રેંજના ઈન્ચાર્જ પોલીસ મહાનિરિક્ષક ખુદ ખેતરમાં દોડી આવ્યા હતા અને નિરિક્ષણ કર્યું હતું. જેમાં પ્રાથમિક તપાસમાં સ્થાનિક પોલીસની નિષ્કાળજી બહાર સામે આવી હતી. ગુજરાત રાજ્યની સ્ટેટ વિજીલન્સની ટીમે બાતમીના આધારે મંગળવારે વહેલી સવારે નવસારીના કસ્બા ગામમાં આવેલા એક શેરડીના ખેતરમાં દરોડા પાડ્યા હતા. જેમાં આ ખેતરમાં વેરાવળનો બુટલેગર સંજય તેમજ તેના સાગરિકો વિદેશી દારૂની હેરાફેરી કરતાં હોવાનું બહાર આવ્યું હતું, પોલીસને જોઈને જ બુટલેગરોએ એમના પર હુમલો કરી, ત્યાંથી ભાગી છૂટવાનો પ્રયાસ કર્યો હતો. જેમાં પીએસઆઈએ બે રાઉન્ડ હવામાં ફાયરિંગ કર્યા બાદ બુટલેગરોને રોકવા કાર પાછળ ૪ રાઉન્ડ ફાયરિંગ કર્યુ હતુ. જોકે ઘટનાસ્થળેથી અંધારૂ અને ખેતર હોવાથી બુટલેગર સહિત દમણના વિનોદ ભૈયાના ખેપિયાઓ ઘટના સ્થળેથી ભાગી છૂટવામાં સફળ રહ્યા હતા.

પોલીસે ઘટના સ્થળેથી એક આરોપીને ઝડપી પાડ્યો હતો. પોલીસે ઘટના સ્થળેથી ૧૪ લાખના વિદેશી દારૂ સાથે ૧૦ વાહનો મળીને કુલ્લે ૫૭ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. ઘટનાને પગલે સુરત રેન્જના ઈન્ચાર્જ આઈજીપી હરિકૃષ્ણ પટેલ સહિત સ્ટેટ વિજીલન્સના એસપી જ્યોતિ પટેલે ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી. સાથે જ સમગ્ર મામલે બે અલગ અલગ ગુનાઓ નોંધ્યા હતા. આ પ્રકરણમાં નવસારી પોલીસની નિષ્કાળજી સામે આવતા સુરત ગ્રામ્યના ડીવાયએસપી સીએમ જાડેજાને તપાસ સોંપાઈ છે. જ્યારે ગુનાના સંદર્ભે ડીવાયએસપી બીએસ મોરીને તપાસ સોંપવામાં આવી છે.

કાપોદ્રામાંથી પસાર થતા એક રાહદારીના બે મોબાઈલ ચોરાયા

નજર ચૂકવી ગઠીયા મોબાઈલ તફડાવી ગયા

સુરત

કાપોદ્રા ગાયત્રી સોસાયટી બુટ ભવાની પાસેથી પસાર થતા એક ફેરીકેશન મજૂરના બે મોબાઈલ ફોનની ચોરી કરી અજાણ્યો ઈસમ ફરાર થઈ ગયો હોવાનો બનાવ કાપોદ્રા પોલીસ મથકે નોંધાયો હતો. પોલીસે ચોરીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના વતની અને હાલમાં પુણાગામ સીતા નગર ચાર રસ્તા પાસે રહેતાં ભૂપનભાઈ નારણભાઈ મકવાણા ગત તા.૧૧મી નવેમ્બરના રોજ કાપોદ્રા ગાયત્રી સોસાયટી બુટ ભવાની ખાતેથી પસાર થતા હતા. ત્યારે અજાણ્યા ઈસમે તેના બે મોબાઈલ ફોનની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. રૂા.૭૫૦૦ની કિંમતના આ મોબાઈલ ફોનની ચોરી કરી ફરાર થઈ ગયાની ફરિયાદ ભૂપતભાઈ મકવાણાએ કાપોદ્રા પોલીસ મથકમાં નોંધાવી હતી. પોલીસે આસપાસની દુકાનો તથા ઓફિસોના સીસીટીવી ફુટેજ એકત્રા કરવાના ચક્રોગતિમાન કર્યા હતા.



બિહાર, ઝારખંડ તથા પૂર્વોત્તર પ્રદેશના સુરતમાં વસતા લોકો દ્વારા આજે સવારે ઉગતા સૂર્યની પૂજા કરવા સાથે અર્ધ્ય અર્પણ કરી છઠ્ઠ પૂજા સંપન્ન કરવામાં આવી હતી. છઠ્ઠીનું ઉપવાસ વ્રત રાખનાર મહિલાઓએ પારણા પણ કર્યા હતા. દંશ્યમાન તસ્વીરમાં ડીંડોલી તળાવ પાસે ઉગતા સૂર્યને અર્ધ્ય અર્પણ કરતી મહિલાઓ તસ્વીરમાં નજરે પડે છે.

સુરતમાં ઉગતા સૂર્યને અર્ધ્ય અર્પણ કરવા સાથે છઠ પૂજાની પૂર્ણાહુતિ

સુરત શહેરના તાપી નદી સહિતના જળાશય પર છઠ પૂજા અંગે લોકો ઉમટી પડ્યા

સુરત

શહેરમાં વસતા લાખો ઉત્તર ભારતીય અને બિહાર વાસીઓ દ્વારા આજે વિવિધ ઓવારાઓ, તળાવો ખાતે ઉગતા સૂર્યને અર્ધ્ય આપી છઠ મહાપર્વનો સમાપન સાથે જ ૩૬ કલાકનો ઉપવાસ પૂર્ણ થયો હતો.

શહેરમાં વર્ષોથી વસતા ઉત્તર પ્રદેશ બિહાર, ઝારખંડના મૂળ વતનીઓ દ્વારા પારંપરીક રીતે છઠ મહાપર્વની ઉજવણી કરી હતી. સુરત મહાનગરપાલિકા દ્વારા તાપી નદીના વિવિધ ઓવારાઓ ઉપરાંત શહેરમાં આવેલ વિવિધ તળાવો ખાતે છઠ પૂજા માટે જરૂરી વ્યવસ્થા કરવામાં આવી હતી. લાખોની સંખ્યામાં ગતરોજ સાંજે ડૂબતા સૂર્યને અર્ધ્ય આપીને છઠ વ્રત કરનારાઓએ આખી રાત નદી અને તળાવોના કિનારે વિતાવી હતી. રાત્રિ દરમ્યાન સાંસ્કૃતિક લોકગીતોની સાથે સામાજિક કાર્યક્રમો આયોજિત થયા હતા. આજે સવારે ઉગતા સૂર્યને અર્ધ્ય આપીને છઠ પર્વનો સમાપન થયું હતું. ૩૬ કલાકનો ઉપવાસ રાખનારી છઠ વ્રતધારી મહિલાઓએ ઓવારા અને તળાવોથી પૂજા વિધિ પૂર્ણ કરી ઘરે જઈ વ્રત ખોલ્યો હતો. શહેરના વિયર કમ કોઝવે, જહાંગીરાબાદ, નાવડી ઓવારા, પાર્લેપોઈન્ટ રાધાકૃષ્ણ મંદિર ઘાટ, ડીંડોલી, છઠ સરોવર, ડીંડોલી છઠ સરોવર ડીંડોલી કરાડવા તળાવ, ભેસ્તાન તળાવ, વડોદ તળાવ ખાતે લાખોની સંખ્યામાં લોકો ભેગા થઈ છઠ મહાપર્વની શાંતિપૂર્વક ઉજવણી કરી હતી.

લેસના વેપારીનું સાડીના વેપારીએ ૫૧ હજારનું કરી નાખતા ફરિયાદ

સુરત

સાડી ઉપર લેસ લગાડવાની રૂપિયા ૫૧,૭૬૨ની મજુરી નહીં ચૂકવી સુનિધિ ક્રિએશનના માલિકે જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

સલાબતપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ગોડાદરા માનસરોવર સોસાયટીમાં રહેતા વિવેક બાબુ સવાયએ આરોપી પ્રકાશભાઈ (સુનિધિ ક્રિએશન, અનુપમ ટેક્સટાઈલ્સ માર્કેટ રિંગરોડ) વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીએ ફરિયાદીનો વિશ્વાસ કેળવી સાડી ઉપર લેસ લગાડવાનું કામ આપ્યું હતું અને મંજુરીના રૂપિયા ૫૧,૭૬૨ નક્કી કરેલા ૪૫ દિવસમાં ચૂકવવાનો ભરોસો આપ્યા બાદ પેમેન્ટ નહીં ચૂકવી વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી. ફરિયાદીએ નાણાની ઉઘરાણી કરતા આરોપી વેપારીએ ઢીક-મુક્કીનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સલાબતપુરા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે. કાપડ ઉદ્યોગમાં દિવાળીના તહેવાર બાદ પણ ઉઠમણા અંગે પોલીસ ફરિયાદ નોંધાવાનું યથાવત રહેવા પામ્યું છે અને તેથી જ ટેક્સટાઈલ ઉદ્યોગમાં અવિશ્વાસના માહોલ પણ યથાવત રહેવા પામ્યો છે.

વરાછામાં વેપારીના બંધ ફલેટમાં ચોરી

સુરત

વરાછા ઈન્દ્રપંથ એપાર્ટમેન્ટના ફલેટનો દરવાજો તોડી અંદર પ્રવેશી રોકડા રૂપિયા તથા સોના-ચાંદીના દાગીના મળી કુલ્લે ૮૦ હજારની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હોવાની એક ફરિયાદ વેપારીએ વરાછા પોલીસ મથકમાં નોંધાવી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ઉમરવાડા-વરાછા ગુજરાત હાઉસિંગ બોર્ડ ખાતે અલકેશભાઈ હિંમતભાઈ ખૂંટ વેપાર-ધંધા સાથે સંકળાયેલા છે. તેઓ દિવાળી વેકેશન દરમિયાન ફલેટનો દરવાજો બંધ કરી બહાર ગામ ગયા હતા. નઆ દરમિયાન અજાણ્યા ઈસમોએ તેમના ફલેટના દરવાજાનો નકુચો તોડી રોકડા રૂપિયા ૪૭ હજાર ૧૨ ગ્રામની સોનાની વીટી કિંમત રૂા. ૩૦ હજાર, ૩ હજાર રૂા.ની કિંમતની ટાઈટની ઘડિયાળ મળી કુલ્લે ૮૦ હજારની મતાની ચોરી કરી ફરાર થઈ ગયચા હતા. વેપારીએ વરાછા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે એપાર્ટમેન્ટમાં સીસીટીવી ફૂટેજ એકત્ર કરવાના ચક્રોગતિમાન કર્યા હતા.

સટેચ્યુ ઓફ યુનિટી સંદર્ભે બીજા તબક્કાથી એકતા યાત્રાનો આજથી પ્રારંભ

નવસારી

નવસારી જિલ્લામાં સ્ટેચ્યુ ઓફ યુનિટી એકતા રથયાત્રાનો પ્રથમ તબકકાની ગણદેવી તાલુકાના ધકવાડા ગામે સમાપન થયું હતું. નવસારી જિલ્લાના બીજા તબકકાના સ્ટેચ્યુ ઓફ યુનિટી એકતા રથયાત્રા ચીખલી તાલુકાના વંકાલ ગામેથી તા.૧૫/૧૧/૧૮ ના રોજ પ્રારંભ કરાશે. તા.૧૫/૧૧/૧૮ થી તા.૨૦/૧૧/૧૮ દરમિયાન એકતા રથયાત્રા જુદા જુદા ગામોમાં રાષ્ટ્રવાદની લાગણી જાગૃત કરશે. નવસારી જિલ્લા કલેકટર ડૉ.એમ.ડી. મોડિયાના માર્ગદર્શન હેઠળ એકતારથ યાત્રાનો બીજો તબકકો શરૂ થશે.

બીજા તબકકાની એકતા રથયાત્રા તા.૧૫ મીના રોજ ચીખલી તાલુકાના વંકાલ ગામેથી પ્રારંભ કરાશે. રથની પુજા, આરતી કરી સરદાર પટેલના જીવનના સંસ્મરણો યાદ કરી રાષ્ટ્રવાદની લાગણી જાગૃત કરાશે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી એકતા રથયાત્રાનો રૂટ વાઈઝ કાર્યક્રમ મુજબ તા.૧૫/૧૧/૧૮ ના રોજ ચીખલી તાલુકાના વંકાલ, સમરોલી, ચીખલી, ખુંધ, થાલા, દેગામ, બામણવેલ, રાનકુવા, કુકેરી, રાનવેરીખુર્દ અને રાનવેરી કલ્લા ગામમાં એકતા રથયાત્રા ઘુમશે.

તા.૧૬ મીના રોજ એકતા રથયાત્રા નોગામા, ટાંકલ, વાંઝણા, ફડવેલ, અંબાચ, કાકડવેલ, સારવણી, સ્યાદા, કણભઈ, રૂમલા અને આમધરા ગામે ઘુમશે. જયારે તા.૧૭ મીના રોજ સાદકપોર, તલાવચોરા, ઘેજ, મલિયાધરા, સોલધરા, પાલગભાણ, વાડ, ખેરગામ, બહેજ, આછવણી, જામનપાડા, પાટી ગામે ઘુમશે.

તા.૧૮ મી નવેમ્બરના રોન એકતારથ યાત્રા વાંસદા તાલુકાના પીપલખેડ, અંકલાછ, બારતાડ, ખાનપુર, ચૌંઢા, કણધા, ખાટઆંબા, બોરીયાછ, ઘોડમાળ, કાવડેજ, ઉમરકુઈ ગામે ઘુમશે.

તા.૧૯ મીના રોજ વાંસદા તાલુકાના ગંગપુર, લીમઝર, વાઘાબારી, વાંદરવેલા, ઝરી, પ્રતાપનગર, ચાંપલધરા, રૂપવેલ, કંડોલપાડા અને સિંગાડ ગામે ઘુમશે. તા.૨૦ મી નવેમ્બરના રોજ એકતા રથયાત્રા, મોટી વાલઝર, ઉપસળ, ભીનાર, ઉનાઇ, સિંણધઈ, કુરેલીયા, ખાંભલા, વાંગણ, મનપુર, વાંસદા ગામે રાષ્ટ્રવાદ જાગૃત કરશે.

અંકલેશ્વર ઉદ્યોગ જગતમાં હજુ પણ દિવાળીનો માહોલ : ઉદ્યોગો સુમસામ

અંકલેશ્વર

૨૪ કલાક અને ૩૬૫ દિવસ ધમધમતી અંકલેશ્વર ઔદ્યોગિક વસાહતમાં પાંચમ પછી પણ હજુ દિવાળી વેકેશનનો જ માહોલ જોવા મળી રહ્યો છે.

અંકલેશ્વર ઔદ્યોગિક વસાહતના ૧૨૦૦ થી વધુ એકમો પૈકી મોટાભાગના ઉદ્યોગપતિઓ ઉત્તર ગુજરાત તેમજ સૌરાષ્ટ્રના છે. દિવાળી પૂર્વે જ તેઓ પરિવારજનો સાથે આ મહાપર્વની ઉજવણી કરવા માટે માદરે વતન રવાના થઈ જાય છે. આખુ વર્ષ ઉદ્યોગોમાં ધમધમાટ વચ્ચે વીતાવતા ઉદ્યોગ સંચાલકો દિવાળી વખતે અચૂક વતનભણી જ દોટ મુકે છે. તો બીજી તરફ વસાહતમાં કામ કરતા હજારો કામદારો પૈકી પણ મોટાભાગના કામદારો અન્ય રાજ્ય કે શહેર ગ્રામ્ય વિસ્તારના હોવાથી તેઓ પણ રવાના થાય છે. વળી, ઉત્તર ભારતીય સમાજનાં કામદારો માટે છઠ્ઠ પૂજનું અનન્ય મહત્ત્વ હોવાથી તેઓ પણ દિવાળી વખતે ઉત્તર પ્રદેશ બિહાર સ્થિત પોત પોતાનાં વતનમાં જવા માટે નીકળી જાય છે. આ પરિસ્થિતિને લઈને ઉદ્યોગો હાલ સૂનસાન બની ગયા છે. લાભ પાંચમ બાદ છઠ્ઠના દિવસે પણ ઉદ્યોગો શરૂ થયા ન હતા અને વસાહતમાં નીરવ શાંતિ વર્તાઈ હતી. વળી, શાળાઓમાં હજુ વેકેશન ચાલી રહ્યું હોવાથી પણ બહાર ફરવા ગયેલા ઉદ્યોગપતિઓ કે મધ્યમ વર્ગીય પરિવારો હજુ પરત આવ્યા નથી.



ભરૂચ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા જવાહરલાલ નહેરુની ૧૨૮મી જન્મજયંતી નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કરાઈ

જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા કોંગ્રેસ કાર્યાલય ખાતે જવાહરલાલ નહેરુની જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી.જેમાં આગેવાનો તથા કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને નેહરુને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

જવાહરલાલ નહેરુ ભારત દેશના પ્રથમ પ્રધાનમંત્રી હતા.તેમનો જન્મ ૧૪ નવેમ્બર ૧૮૮૯ માં અલ્હાબાદમાં થયો હતો. સ્વતંત્રતાની ચળવળમાં પણ જવાહર નેહરુનું મહત્વનું યોગદાન હતું. બાળકો તેમને ખુબજ પ્રિય હતાં. તેથી તેમના જન્મદિનને લોકો દ્વારા ચિલ્ડ્રન ડે તરીકે પણ ઉજવાય છે. ત્યારે ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમની નિવ પણ જવાહરલાલ નહેરુએ જ મૂકી હતી.

તેવા દીર્ઘદ્રષ્ટા એવા જવાહરલાલ નહેરુની જન્મ જયંતી નિમિતે ભરૂચ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા જીલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે તથા ડિસ્ટ્રિક બેંકની બહાર આવેલી નહેરુજી ની મૂર્તિ ને પુષ્પાંજલિ અર્પી હતી. કાર્યક્રમમાં કોંગ્રેસ પ્રમુખ પરિમલ સિંહ રણા, પ્રવક્તા નાજુ ફડવાલા, ગણેશ સુગર ચેરમેન સંદીપ માંગરોલા, વિપક્ષના નેતા શમશાદ અલી સૈયદ,મહિલા આગેવાન પ્રુતાબેન રાવલ રહ્યા હતા.

પાલીતાણા ખાતે મહારાજ સાહેબના મહાતપની તપશ્ચર્યાના વંદન-દર્શન કરતા મુખ્યમંત્રી વિજય રૂપાણી



પગપાળા પ્રવાસ વિચરણ કરનારા સાધુ-સંતો-યાત્રિકો માટે રાજ્યમાં પગદંડી નિર્માણ કરી જીવન રક્ષા આપવી છેઃ- મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી

દયા-પ્રેમ-કરૂણા અને સંયમના ગુણો ધાર્મિક તીર્થકરો દ્વારા પ્રાપ્ત થાય છે

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે ભગવાન મહાવીર સ્વામીના ૨૫૦૦ વર્ષ બાદ ૪૮૦ દિવસનું કઠોર તપ કરનારા પૂજ્ય સાધુ ભગવંતો બહુ જ ઓછા છે. ભગવાન મહાવીર સ્વામીના અહિંસા, દયા, પ્રેમ, કરૂણા, સંયમના ગુણોની પરંપરા તપના આધાર ઉપર જૈન સમાજમાં ઊભી થઇ છે. જૈન ધર્મમાં તપનો મહિમા વિશેષ છે.

પાલીતાણા ખાતે ૪૮૦ દિવસનું કઠોર તપ કરનાર પૂ.સા. શ્રી સર્વેશ્વરીયશાશ્રીજી મહારાજ સાહેબની શ્રી ગુણરત્ન સવંત્સર મહાતપ તપશ્ચર્યાના ચરણોમાં વંદન-દર્શન કરી મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ ગુરૂ વંદના કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે આત્માના કલ્યાણ માટે આપણા તીર્થંકરો કઠોર તપના માધ્યમથી શરીરને તપાવી આત્માને પ્રજવલિત કરી મોક્ષ સાથે જોડે છે. સ્વાર્થીપણું છોડી મોટા મન સાથે જીવવું એ જૈન ધર્મ છે. જન્મોજન્મના ફેરામાંથી છૂટવું એ જૈન ધર્મ છે.

ગુજરાતની જનતા વતી વિશાળ સંખ્યામાં પૂજ્ય સાધુ ભગવંત મહારાજ સાહેબોને વંદન કરી તેમના આશીર્વાદ સર્વને સદા માટે મળતા રહે તેવી પ્રાર્થના કરી મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું હતું કે રાજ્યના પવિત્ર યાત્રાધામોમાં પવિત્રતા અને દિવ્યતા જળવાય તે માટે રાજ્ય સરકારે અનેક પગલા લીધા છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે પગપાળા પ્રવાસ વિચરણ કરનારા સાધુ-સંતો અને પ્રજા માટે પગદંડીના વિકાસકામો હાથ ધર્યા છે. પાલીતાણાથી વલભીપુરની પગદંડી પુર્ણ કરી છે. અમદાવાદથી શંખેશ્વર પગદંડીનું કામ પણ શરૂ કરાશે, જેના કારણે પગપાળા યાત્રાળુઓને અકસ્માત થશે નહી અને જીવન સુરક્ષા મળશે.

રાજ્યના પશુ-પંખીઓને અભયદાન મળે તે માટે કરૂણા અભિયાન અમલી બનાવ્યું છે. સંપૂર્ણ ગૌવંશ હત્યાનો કાયદો વધુ કડક બનાવી આજીવન કેદની જોગવાઇઓ કરી છે. આમ રાજ્ય સરકારે ''જીવો અને જીવવા દો''નો મંત્ર સાકાર કર્યો છે. સત્તા માણવાનું નહી સેવાનું સાધન છે તે અભિગમ સાથે સર્વના કલ્યાણ માટે રાજ્ય સરકાર કાર્યો કરે છે એમ તેમણે ઉમેર્યું હતું.

જૂનાગઢ તાલુકાનાં વડાલ ગામેથી બીજા તબક્કાની એકતા યાત્રાનું કરાવાશે પ્રસ્થાન

વંથલી-માણાવદર-માંગરોળ અને કેશોદ જૂનાગઢ તાલુકાનાં ગ્રામ્ય કક્ષાએ એકતા યાત્રાનાં સુચારૂ આયોજન માટે યોજાયેલ બેઠકમાં કરવામાં આવી સમીક્ષા

જૂનાગઢઃ જૂનાગઢ જિલ્લામાં આવતીકાલ તા. ૧૫ નવેમ્બરથી એકતા યાત્રાનો બીજો તબક્કો શરુ થવા જઇ રહ્યો છે. જૂનાગઢ તાલુકાનાં વડાલ ગામનાં પાદરચોક ખાતેથી તા. ૧૫ નવેમ્બરનાં સવારે ૮-૪૫ કલાકે બીજા તબક્કાની એકતા યાત્રાને સ્થાનિક અગ્રણીઓ અને ગ્રામજનોની ઉપસ્થિતીમાં ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ લી.નાં ઉપાધ્યક્ષશ્રી ભુપતભાઇ ડાભી રથને પ્રસ્થાન કરાવશે. જૂનાગઢ જિલ્લાનાં વંથલી, માણાવદર, કેશોદ અને માંગરોળ તાલુકાઓમાં બીજા તબક્કમાં એકતાયાત્રા સટેચ્યુ ઓફ યુનિટી જૂદા જુદા બે રુટ પર પ્રવાસ કરશે. સરકારશ્રીનાં આ મહત્વકાંક્ષી કાર્યક્રમનાં સુચારુ અમલીકરણ માટે જિલ્લા ગ્રામવિકાસ અધિકારીશ્રીની નોડલ અધિકારી તરીકે નિમણુક કરવામાં આવી છે. જૂનાગઢ તાલુકામાં તા. ૧૫ થી ૨૦ નવેમ્બર દરમ્યાન વડાલ, સુખપુર, બામણગામ, ડેરવાણ, બલીયાવડ, ચોકલી, કાથરોટા, ચોકી, વડાલ, ભીયાળ, કેરાળા, માખીયાળા, ઝાલણસર, વાણંદીયા, વાલાસિમડી, ગલાધર, મજેવડી, પત્રાપસર, ખલીલપર, વધાવી, તલીયાધર ગામોમાં ગ્રામસેવક મુકુંદ હિરપરા રુટ કોઓર્ડીનેટર તરીકે વ્યવસ્થાઓ સંભાળશે.

જૂનાગઢ તાલુકાનો કાર્યક્રમ સંપન્ન થયા બાદ વંથલી તાલુકામાં પ્રાંત અધિકારીશ્રી કેયુર જેઠવાનાં માર્ગદર્શન તળે વિસ્તરણ અધિકારી આર.ટી.કટારીયા રથરુટ કો-ઓર્ડીનેટરનાં સાનિધ્યે ઉટવાડા, નાંદરખી, ધંધુસર, રવની, ડુંગરી, ઝાપોદડ, નરેડી, બંટીયા, ઘંટીયા, વંથલી, કણજડી, મોટા કાજલીયાળા, થાણાપિપળી, લુશાળા, ખોખરડા, ગાદોઇ, ટીનમસ, સંદરડા, આખા, ટીકર વિગેરે ગામોમાં રથ પ્રવાસની વ્યવસ્થાઓ સંભાળશે. વંથલી અને જૂનાગઢ તાલુકા સાથે સાથે કેશોદ, માણાવદર અને માંગરોળ તાલુકાનાં ગ્રામ્ય વિસ્તારમાં એકતાયાત્રા સ્ટેચ્યુ ઓફ યુનિટી કાર્યક્રમો યોજાનાર છે.

જૂનાગઢ જિલ્લામાં યોજાનાર સ્ટેચ્યુ ઓફ યુનિટીનાં બીજા તબક્કાનાં કાર્યક્રમનાં સુચારૂ અમલીકરણ માટે નિવાસી અધિક કલેટકરશ્રી ડી.કે. બારીઆની અધ્યક્ષતામાં યોજાયેલ બેઠકમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીનાં નિયામકશ્રી વી.પી.મચ્છાર, પ્રાંત અધિકારીશ્રી જવલંત રાવલ, નાયબ માહિતી નિયામક શ્રી રાજુ જાની, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી બી.એસ. કૈલા, આરોગ્ય અધિકારી ડો. સંજયકુમાર, મામલતદારશ્રી પટેલ, તાલુકા વિકાસ અધિકારીશ્રી, રથનાં નોડલ અધિકારીશ્રીઓ અને કાર્ય અમલીકરણ અધિકારીઓ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

જૂનાગઢ શહેર સમીપે દાતારની જગ્યામાં યોજાનાર ઉર્ષની ઉજવણી કાર્યક્રમ જાહેર

જૂનાગઢ તા.૧૪, જૂનાગઢ જિલ્લાનાં જૂનાગઢ નગર ખાતે ઉપલા અને નીચલા દાતારની જગ્યામાં આગામી તા. ૧૮ નવેમ્બર ૨૦૧૮થી ૨૨-૧૧-૨૦૧૮ સુધી ઉર્ષની ઉજવણી કરવામાં આવનાર છે. જેનો વિગતવાર કાર્યક્રમ આ મુજબ છે. તા. ૧૮ નવેમ્બરે રાત્રે ૧૦-૦૦ કલાકે સંદલવિધી(ચંદનવિધી), તા. ૧૯ નવેમ્બરે સાંજે ૦૫-૦૦ કલાકે મહેન્દી(દિપમાળા), તા. ૨૦ નવેમ્બરે સાંજે ૬-૦૦ કલાકે ઉર્ષ, તા. ૨૧ નવેમ્બર બુધવારે ધમાલમેળો, તા. ૨૨-૧૧-૧૮નાં રોજ સાંજનાં ૦૩-૦૦ કલાકે મહિલાઓ માટે મેળો યોજાશે. દાતાર ઉર્ષ ઉજવણી પ્રસંગમાં સર્વે નગરજનોને વહીવટીતંત્ર તરફથી આમંત્રીત કરવામાં આવેલ છે તેમ મામલતદાર જૂનાગઢ શહેર શ્રી કે.એસ.પટેલની યાદીમાં જણાવાયુ છે.

ભરૂચ નગરપાલિકા દ્વારા જાહેરમાં શૌચ કરનારા માટે ત્રણ મોબાઈલ શૌચલાયનું લોકાર્પણ કરાશે



વડા પ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે સ્વચ્છ ભારત અભિયાન' શરૂ કર્યું હતું.દેશભરમાં સાડાસાત કરોડ શૌચાલય બનાવીને ૨૦૧૯ સુધીમાં દેશને ખુલ્લામાં શૌચથી મુક્ત કરવાનું લક્ષ્ય મોદી સરકારે નક્કી કર્યું છે. જ્યારે આજે ૬૩ ટકા લોકોને સફાઈનો ફાયદો મળી રહ્યો છે.

જેના ભાગરૂપે ભરૂચ નગરપાલિકા પણ પોતાના કાર્ય માર્ગમાં આગળ ઝડપી ગતિએ વધી રહી છે. ભરૂચ શહેરમાં ખુલ્લામાં શૌચ ક્રિયા અટકે તે માટે જે તે સ્થળોએ નગરપાલિકા દ્વારા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ હેઠળ મોબાઈલ ટોયલેટ વાન મુકવામાં આવશે. હાલ કુલ ૩ મોબાઈલ ટોયલેટ વાનમાં ૬ જેટલા ટોયલેટ છે. જેમાં મહિલા અને પુરૂષ માટે અલગ અલગ વ્યવસ્થા કરવામાં આવી છે.

ભરૂચ નગરપાલિકા દ્વારા હંગામી ધોરણે આ મોબાઈલ ટોયલેટ વાનને જરૂરિયાત જણાય તેવા સ્થળો તેમજ જાહેર કાર્યક્રમો અને સભાસ્થળોએ મુકવામાં આવશે. આવનારા સમયમાં ભરૂચ શહેર સુંદર અને સ્વચ્છ બને તેવા આશયથી ભરૂચ નગરપાલિકાનું આ પગલું આવકાર દાયક રહેશે એમ લાગી રહ્યું છે.

લેસના વેપારીનું સાડીના વેપારીએ રૂા. ૫૧ હજારનું કરી નાખતા ફરિયાદ

જોબવર્કના રૂપિયાની ઉઘરાણી કરાતા વેપારીને માર મરાયો

સુરત

સાડી ઉપર લેસ લગાડવાની રૂપિયા ૫૧,૭૬૨ની મજુરી નહીં ચૂકવી સુનિધિ ક્રિએશનના માલિકે જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

સલાબતપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ગોડાદરા માનસરોવર સોસાયટીમાં રહેતા વિવેક બાબુ સવાયએ આરોપી પ્રકાશભાઈ (સુનિધિ ક્રિએશન, અનુપમ ટેક્સટાઈલ્સ માર્કેટ રિંગરોડ) વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીએ ફરિયાદીનો વિશ્વાસ કેળવી સાડી ઉપર લેસ લગાડવાનું કામ આપ્યું હતું અને મંજુરીના રૂપિયા ૫૧,૭૬૨ નક્કી કરેલા ૪૫ દિવસમાં ચૂકવવાનો ભરોસો આપ્યા બાદ પેમેન્ટ નહીં ચૂકવી વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી. ફરિયાદીએ નાણાની ઉઘરાણી કરતા આરોપી વેપારીએ ઢીક-મુક્કીનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સલાબતપુરા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે. કાપડ ઉદ્યોગમાં દિવાળીના તહેવાર બાદ પણ ઉઠમણા અંગે પોલીસ ફરિયાદ નોંધાવાનું યથાવત રહેવા પામ્યું છે અને તેથી જ ટેક્સટાઈલ ઉદ્યોગમાં અવિશ્વાસના માહોલ પણ યથાવત રહેવા પામ્યો છે.

ભરૂચના ઐતિહાસિક રતન તળાવની પાલિકા દ્વારા સાફ સફાઈ કરવામાં આવતા સ્થાનિકોએ વિરોધ પ્રદર્શિત કર્યો



ભરૂચ નગરપાલિકા વિસ્તારમાં આવેલ રતન તળાવ એક એતિહાસિક તળાવમાં જેને હેરિટેજમાં મુકવામાં આવ્યું છે. તેમાં તળાવમાં રહેતા શિડયુલ વનના કાચબા પણ રહેતા હોય પણ નગરપાલિકાના અણ આવડતના પગલે ૩૦૦ થી ૪૦૦ વર્ષ ઉંમરના અતિ દુર્લભ કાચબાના અસ્તિત્વને ખતરો થઈ રહ્યો છે. કાચબાઓ પોતાનું અસ્તિત્વ ગુમાવી રહ્યા છે. ત્યારે સફાળું જાગેલું તત્ર આજ રોજ રતન તળાવ ની સફાઈ માટે પોતાની કામગીરી શરૂ કરતાંની સાથે જ ત્યાં ના રહેવાસીઓએ તેનો વિરોધ કર્યો હતો.

ભરૂચ રતન તળાવ વિસ્તારના રહીશોની માગણી મુજબ પહેલા આ કાચબાઓને કોઈ બીજા સ્થળ પર ખેસેડાય અથવા એક તળાવ ખોદી તેમાં આ કાચબાઓ ને સુરક્ષિત ખસેડીને પછી તળાવ ને સાફ કરવા માં આવે તેવી માગણી ઉચ્ચારી હતી.

હાલમાં તો પાલિકાએ રતન તળાવની સાફ સફાઈ મોકૂફ રાખીને યોગ્ય નિર્ણય લઈને પુનઃ રતન તળાવની કામગીરી કરવામાં આવશે.



કેવડિયા સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા આવેલ પ્રવાસીની ગાડીનો બાઈક સાથે અકસ્માતઃ ૨ ગંભીર ઘાયલ

રાજપીપળાઃનર્મદા જિલ્લાના કેવડિયા ખાતે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા ૧૮૨ મીટરની સ્ટેચ્યુ ઓફ યુનિટી નિર્માણ પામી છે. એને નિહાળવા રાજ્યભરમાંથી પ્રવાસીઓ ઉમટી રહ્યા છે. તો બુધવારે અમદાવાદથી એક પરિવાર કાર નં જીજે ૦૧ એચઆર ૪૬૪૬ લઈને સ્ટેચ્યુ ઓફ યુનિટી નિહાળવા આવ્યા હતા.દરમિયાન સવારે ૭:૧૫ કલાકે ગરૂડેશ્વર તાલુકાના પંચલા ગામના પિતા-પુત્ર મહેશ તડવી અને વિશાલ તડવી જીજે ૨૨ કે ૪૮૪૪ પર સાગબારા જીઈબી પર જઈ રહ્યા હતા.દરમિયાન કેવડિયા કોલોનીના પથિકાશ્રમ ત્રણ રસ્તા પાસે એ વોલ્વો ગાડીના ચાલકે ગફલતભરી રીતે હંકારી લાવી એમની બાઈકને અડફેટે લીધી હતી.આ અકસ્માતમાં પિતા-પુત્રને હાથે ઈજા અને ફેક્ચર થતા બન્નેને ગંભીર હાલતમાં ૧૦૮ દ્વારા નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા.ત્યાંથી તેમને વધુ સારવાર અર્થે વડોદરા ખસેડાયા હતા.

તા.૧૮મીએ સ્વસ્થ ભારત સાયકલિંગ યાત્રા વલસાડ જિલ્લામાં પ્રવેશ કરશે

વલસાડઃ કેન્દ્ર સરકાર દ્વારા આયોજિત સ્વસ્થ ભારત યાત્રા (સાયકલિંગ યાત્રા) વલસાડ જિલ્લામાં તા.૧૮/૧૧/૨૦૧૮ના રોજ સવારે ૮-૦૦ કલાકે કીકરલા ગામે પ્રવેશ કરશે. ત્યાંથી ઉદવાડા, ઉદવાડા સ્ટેશન, ખડકી, ગુંદલાવ, રોલા થઇ વલસાડની હદ વાઘલધરા સુધી જશે અને ત્યાંથી નવસારી જિલ્લામાં પ્રવેશ કરશે.

ભરૂચના એલ.સી.બી. પી.આઇ. એસ.સી.તરડેને એવોર્ડ એનાયત



ગુજરાત રાજયનો ઇ-કોપ ઓફ ધી મન્થ એવોર્ડ તથા સાયબર સેલના પો. કોન્સ્ટે. મલ્કેશ ગોહિલ ને સતત ત્રીજીવાર ગુજરાત રાજ્યનો સાયબર કોપ ઓફ ધી મન્થનો એવોર્ડ મળ્યો.

ગુજરાત રાજયમાં ×ઇ-ગુજકોપ એપ્લીકેશન“ ના ઉપયોગથી ગુનો ઉકેલવાની તથા સાયબર ક્રાઇમ ડિટેક્શન, પ્રિવેન્શન, અવરનેસની પરીણામલક્ષી તપાસને પ્રોત્સાહન આપવાના હેતુથી રાજયના પોલીસ અધિકારી - કર્મચારીને "E-Cop Award" તથા “ Cyber Cop of the Month Award “ એવોર્ડ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

રાજયભરના જિલ્લાઓ અને શાખાઓની ×ઇ-ગુજકોપ એપ્લીકેશન“ ના ઉપયોગથી ગુનો ઉકેલવાની કામગીરીની માહિતી તેમજ ×સાયબર ક્રાઇમ” લગત કામગીરી ચકાસતા “ સ્ટેટ એમ્પાવર્ડ કમિટી “ દ્વારા ભરૂચ એલ.સી.બી. તથા સાયબર ક્રાઇમ શાખાના ગુનાઓની પરીણામલક્ષી કામગીરી કરવા બદલ ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી રાજેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ કાર્યરત એલ.સી.બી. શાખાના પીઆઇ શ્રી એસ.સી.તરડે નાઓને "E-Cop Of The Month Award" તથા સાયબર ક્રાઇમ સેલના પો.કો. મલ્કેશકુમાર રામસીંગભાઇ ગોહિલ રાજયમાં સાયબર ક્રાઇમનાં ગુનાની પરીણામલક્ષી શ્રેષ્ઠ કામગીરી કરી સતત ત્રીજી વાર "Cyber Cop Award" માટે પસંદગી પામ્યા હતાં. પોલીસ નિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી તરફથી ભરૂચ જીલ્લા એલ.સી.બી. શાખાના પીઆઇ શ્રી એસ.સી.તરડે નાઓને "E-Cop Of The Month Award" તથા સાયબર ક્રાઇમ શાખામા ફરજ બજાવતા પો.કો. મલ્કેશકુમાર રામસીંગભાઇ ગોહિલ નાઓને “Cyber Cop of the Month Award” ગાંધીનગર ખાતે પોલીસ નિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી તરફથી તા. ૧૨/૧૧/૨૦૧૮ ના રોજ એનાયત કરાયો હતો. ભરૂચ એલ.સી.બી. શાખાના પીઆઇ શ્રી એસ.સી.તરડે તથા સાયબર સેલનાં પો.કો મલ્કેશકુમાર રામસીંગભાઇની શ્રેષ્ઠ કામગીરીને ભરૂચ એસ.પી. શ્રી રાજેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ તથા પોલીસ સ્ટાફ સહિતના અધિકારીઓએ બીરદાવી તેઓને અભિનંદન આપ્યાં હતાં.

સાગબારા પોલીસે છેતરપિંડીની ફરિયાદ ન લેતા પીડિતે મુખ્યમંત્રી કાર્યાલયે આત્મહત્યાની ચીમકી આપી



રાજપીપળા:હાલ ન્યાય ન મળતો હોવાનું કારણ આગળ ધરી આત્મવિલોપનની ચીમકી આપવી તો જાણે એક ફેશન બની ગઈ છે.નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના સેલંબા ગામના મોહન તુકારામ મરાઠેએ સાગબારા પોલીસ છેતરપિંડીની ફરિયાદ ન લેતી હોવાનું કારણ આગળ ધરી મુખ્યમંત્રી કાર્યાલય પર ઝેરી દવા પી આત્મહત્યા કરી લેવાની ચીમકી આપતો એક પત્ર નર્મદા જિલ્લા કલેકટરને મોકલતા ખળભળાટ મચી ગયો છે.

સેલંબાના મોહન તુકારામ મરાઠેએ જણાવ્યું હતું કે સેલંબા ગામના જ ભીમસિંગ માનસિંગ આહિરે સાથે એની દુકાન ૫ વર્ષના ભાડા પેટે લેવા મારો ૩ લાખમાં સોદો થયો હતો.એ ૩ લાખ પેટે મેં એને બરોડા બેંકના ૫૦-૫૦ હજારના બે ચેકથી ૧ લાખ રૂપિયા ભીમસિંગ માનસિંગ આહિરેને આપ્યા હતા અને બાકીના ૨ લાખ રૂપિયા દુકાનનો કબજો મળે ત્યારે આપવાની શરત કરી હતી. હવે ભીમસિંગ નથી દુકાન આપતો કે નથી મારા ૧ લાખ રૂપિયા આપતો.આ મામલે મેં સાગબારા પોલીસ મથકમાં અરજી કરી હોવા છતાં પોલીસ દ્વારા ફ્રૈંઈ દાખલ કરાતી નથી. સાગબારા પોલીસ સ્ટેશનનાં ધક્કાઓ ખાવા છતાં ન્યાય નહી મળતા મેં તા.૧૩/૦૯/૨૦૧૮ ના રોજ સાગબારા મામલતદાર કચેરી ખાતે આત્મવીલોપન કરવાનો પ્રયાસ કરેલ ો.આત્મીલોપનનો પ્રયાસ કરેલ હોવાથી સાગબારા પોલીસ દ્વારા મારી ધરપકડ કરીને કલમ ૧૫૧ મુજબ મામલતદાર સાગબારા ખાતે જામીન લઈને મને મુક્ત કરવામાં આવ્યો હતો.બાદ ૨૪/૦૯/૨૦૧૮ નાર રોજ નર્મદા જિલ્લા કલેક્ટર પાસે ન્યાય માટેની અરજી આપી હતી છતાં મને ન્યાય મળ્યો નથી.મને ન્યાય નહી તા.૧૫/૧૦/૨૦૧૮ અને ૩૧/૧૦/૨૦૧૮ ના રોજ એમ બે વાર નર્મદા જિલ્લા કલેક્ટર પાસે ઇચ્છા મૃત્યુની પરવાનગી આપવા બાબતની અરજી કરી એનો પણ કોઈ જવાબ મળ્યો નથી.જો ૨૦/૧૧/૨૦૧૮ સુધીમાં મારી ફરિયાદની એફ.આઈ.આર કરવામાં નહી આવે તો તા.૨૭/૧૧/૨૦૧૮ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે ગાંધીનગર મુખ્યમંત્રી કાર્યાલય ગાંધીનગર ખાતે આવીને જંતુનાશક દવા પી લઈને આત્મહત્યા કરીશ.

તો આ મામલે સાગબારા પીએસઆઈ સીરસાઠે જણાવ્યું હતું કે મોહન તુકારામ મરાઠે અને ભીમસિંગ માનસિંગ આહિરે વચ્ચે અમે સમાધાન પણ કરાવ્યું છે.આ બન્ને વચ્ચે લેખિત કરાર થયો છે.આ સિવિલ મેટર છે,બન્ને વચ્ચે આ સોદાનું એગ્રીમેન્ટ થયું છે. એગ્રીમેન્ટ ભંગ થયો છે છેતરપિંડી નથી કરી.આ મામલે ફોજદારો ગુનો બને જ નહીં,આ કેસમાં પોલીસને કોઈ લેવા દેવા છે જ નહીં.અમે મોહન તુકારામ મરાઠેને કોર્ટ રાહે દાવો કરી પોતાના રૂપિયા મેળવવા પણ સલાહ આપી હતી.

મારી સાથે સેલંબાના એક વેપારીએ ૧ લાખની છેતરપિંડી કરી છે, સાગબારા પોલીસ ફરિયાદ લેતી નથી જો ન્યાય નહિ મળે તો સીએમ કાર્યાલયે હું ઝેરી દવા ગટગટાવી જઈશઃ પીડિતની ચીમકીથી ખળભળાટ

રાજપીપળા રેડક્રોસ સોસાયટી દ્વારા એલ્ડરલી હોમકેર આસિસ્ટન્ટ કોર્ષની તાલીમ અપાશે

આ કોર્ષની તાલીમ મેળવી હોમ કેર ટેકર બની આજના યુવક, યુવતીઓ ને રોજગારીની તક મળે છે

રાજપીપળા : આજની ફાસ્ટ લાઈફ માં મોંઘવારી અને તણાવભરી જિંદગી અને ડબલ નોકરી ની જરૂર પડે છે ત્યારે આજના ખર્ચ અને મોજશોખ ને પહોંચી વળવા પતિ પત્ની બંને એ નોકરી ફરજીયાત કરવી પડે જેવી પરિસ્થિતિ ઉભી થઈ ગઈ છે ારે ઘરાં બીમાર કે વૃદ્ધ માં બાપ, નાના બાળક ને કોણ જાળવે સેવા કોણ કરે તો એ મોટી તકલીફ છે આવા ઘરોમાં આખો દિવસ વૃદ્ધ અને બાળકો ને સાચવવા હોમકેર ટેકર ની જરૂર પડે છે. ત્યારે એલ્ડરલી હોમકેર આસિસ્ટન્ટ કોર્ષ ની તાલીમ દ્વારા શિક્ષિત યુવકે યુવતીઓ અથવા ધોરણ ૮ પાસ નાપાસ યુવક યુવતીઓ પણ આ કોર્ષ કરી રોજગારી મેળવી શકાશે

નર્મદા જિલ્લાની વાત કરીએ તો આધિકારી અને કર્મચારી વર્ગોમાં આ સમસ્યા વધુ જોવા મળે છે અને જેમની નોકરીઓ ના કારણે હોમકેર ટેકર ની જરૂર પડે છે લગભગ રાજપીપલા માં ૫૦ થી વધુ ઘરો માં હોમ કેર ટેકર કામ કરે છે પણ તેઓ તાલીમ બદ્ધ નથી આ કોર્ષ થી બાળકો ની વૃધ્ધો ની કેવી રીતે કેર કરવાની એ તમામ સમજણ આપવામાં આવે છે,

આ બાબતે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના ચેરમેન એન.બી.મહિડા એ જણાવ્યું હતું કે એલ્ડરલી હોમકેર આસિસ્ટન્ટ કોર્ષ નો પ્રારંભ અમે ૧ ડિસેમ્બરથી ચાલુ કરી રહ્યા છે. જે માટે ૧૮ વર્ષથી ૪૦ વર્ષ ના યુવક યુવતીઓ માટે અરજી મંગાવી છે, એક બેચમાં ૩૦ જેટલા તાલીમાર્થીઓ લઈ આ કોર્ષની શરૂઆત કરવા જઈ રહ્યા છે હાલ મોટાભાગના ઘરોમાં હોમ કેર ટેકર ની જરૂર હોય છે. ત્યારે જે લોકો આ તાલીમ મેળવે તેને રોજગારીની તકો વધી જશે એ નક્કી છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી એકતા યાત્રાનો રાજપીપલા ખાતેથી બીજા તબક્કાનો આજથી થનારો પ્રારંભ

રાજપીપળા : સરદાર સાહેબનો એકતા-અખંડિતતાનો સંદેશ ગામેગામ પ્રસરાવતી એકતા યાત્રાનો તા.૧૫ મી નવેમ્બર ને ગુરૂવારના રોજથી થનારા રાજયવ્યાપી પ્રારંભના ભાગરૂપે નર્મદા જિલ્લામાં પણ આ દિવસે તા.૧૫ મી ના રોજ સવારે ૯-૩૦ કલાકે સરદાર ટાઉન હોલ ખાતેથી આ એકતા યાત્રાના બીજા તબક્કાનો રાજયના પૂર્વ રાજયમંત્રી શબ્દશરણભાઇ તડવી, પૂર્વ ધારાસભ્ય મોતિસિંહ વસાવા સહિત શહેર-જિલ્લાના અન્ય પદાધિકારીઓ-અધિકારીઓ વગેરેની ઉપસ્થિતિમાં પ્રારંભ થશે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, તા.૧૫ મીથી પ્રારંભાનારી બીજા તબક્કાની આ એકતા યાત્રા તા.૨૦ મી નવેમ્બર સુધી રાજપીપળા શહેરી વિસ્તાર સહિત અંદાજે ૫૦ જેટલા ગામોમાં પરિભ્રમણ કરશે. આ એકતા યાત્રાનાં નિર્ધારીત કરાયેલા એક રૂટ ઉપર નિર્ધારીત ગામોમાં ર્ન્ઈદ્ધ સાથેનો પ્રથમ રથ જે તે ગામમાં પ્રવેશ કરશે અને ગામ લોકોને એકત્ર કરાશે. તેની સાથોસાથ અડધા કલાક બાદ સરદાર સાહેબની પ્રતિમાવાળો બીજો રથ જે તે જ ગામમાં પહોંચશે. પ્રથમ ત્રણ દિવસ આ એકતા યાત્રા નાંદોદ તાલુકાના ગામોમાં ફરશે. ચોંથા અને પાંચમાં દિવસે દેડીયાપાડા તાલુકાના ગામોમાં અને છઠ્ઠા દિવસે સાગબારા તાલુકાના ગામોમાં આ એકતા યાત્રા રથ પરિભ્રમણ કરશે.

ભરૂચ નગરપાલિકા વિસ્તારમાંના વોર્ડોની ફરિયાદ વોટ્સઅપ લેવાશે

ભરૂચ નગર પાલિકા વિસ્તારમાં આવતાં અનેક વિસ્તારોમાંથી રોજે રોજ અનેક પ્રકારની ફરિયાદો ઉઠી રહી છે. લોકોનાં ટોળાં છેક પાલિકા કચેરી સુધી ધસી આવતા હોય છે. જેના કારણે નગર પાલિકા દ્વારા નવો કિમિયો અજમાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. હવે લોકોની ફરિયાદો નિવારવા માટે પાલિકા તંત્રએ સોશિયલ મીડિયાનો સહારો લીધો છે.

ભરૂચ શહેરમાં વસતા લોકો માટે પોતાના વિસ્તારની સમસ્યાને પાલિકાનાં સત્તાધિશો સુધી પહોંચાડવા માટે એક વોટસએપ નંબર નક્કી કરવામાં આવ્યો છે. નગર પાલિકા દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલી એક યાદીમાં જણાવ્યું છે કે,ભરૂચનાં નગરજનો હવે લાઈટ, સફાઈ અને પાણીનાં લિકેજને લઈને વોટસએપ દ્વારા ફરિયાદ નોંધાવી શકશે. જેના માટે મોબાઈલ નંબર ૯૫૭૪૦ ૦૭૦૦૫ નક્કી કરવામાં આવ્યો છે.જે નંબર ઉપર કોઈપણ નાગરિક પોતાના વિસ્તારની ફરિયાદોની નોંધણી કરાવી શકશે. વોટસએપ માં મળેલી ફરિયાદનાં આધારે પાલિકા તંત્ર તરત એક્શનમાં આવી ફરિયાદના નિકાલ માટે કાર્યરત રહેશે તેવી ખાતરી પણ આપવામાં આવી છે.

આમલેથા પોલીસની હદમાં બે અકસ્માતમાં ત્રણ યુવાનોના મોત

એક યુવાન બાઈક લઈ જતા અજાણ્યા વાહને ટક્કર મારતા મોત જયારે બીજા અકસ્માતમાં બે યુવાનો બાઈક પર જતા પાછળથી શેરડી ભરી આવતા ટ્રેક્ટરે ટક્કર મરતા બંનેનું મોત

રાજપીપળા : નર્મદ જિલ્લાના નાંદોદ તાલુકાના આમલેથા પોલીસ સ્ટેશન ની હદમાં મંગળવારે બે અકસ્માતમાં ત્રણ યુવાનોના મોત થતા પોલીસે તપાસ હાથ ધરી છે જેમાં પ્રથમ અકસ્માત વીરપોર અને રીગણી ગામ વચ્ચે થયો જેમાં મોટાહેડવા ગામના અનિલ અનુપ વસાવાને કોઈ અજાણ્યો વાહનચાલક ટક્કર મારી મોતને ઘાટ ઉતારી નાસી છૂટ્યો હતો. જયારે બીજો અકસ્માત પ્રતાપનગર ગામ પાસે ના વળાંક પાસે થયો જેમાં ભીલવાડા ગામના બે યુવાનો પૈકી હેમંત ઈશ્વર વસાવા અને પ્રહલાદ ભુપત વસાવા પોતાની બાઈક લઈને મામા ને ત્યાં ગામકૂવા ગામે જતા હતા એ સમયે પાછળ થી શેરડી ભરીને આવતા ટ્રેક્ટરે ટક્કર મારતા બંને યુવાનો ને ગંભીર ઈજાઓ થતા એમનું મોત થયું હતું. આમ આમલેથા પોલીસની હદ માં એક જ દિવસમાં ત્રણ યુવાનોના અકસ્માત માં મોત થતા પોલીસે તપાસ હાથ ધરી છે.

મહારાષ્ટ્રના ગુનામાં છેલ્લા દોઢેક વર્ષથી નાસતો ફરતો આરોપી ઝડપી પાડતી પેરોલ ફર્લો



પોલીસ મહાનિરિક્ષક અભયસિંહ ચુડાસમા સાહેબ વડોદરા રેન્જ તેમજ ભરૂચ જીલ્લાના ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક એલ.એ.ઝાલા સા.નાઓની સુચના મુજબ ભરૂચ જીલ્લામાં બનેલ ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓ શોધી કાઢવા જણાવેલ જેથી સ્ટાફ સાથે આવા ગુનેગારો શોધી કાઢવા અંકલેશ્વર શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા એ દરમ્યાન મળેલ બાતમી આધારે મહારાષ્ટ્રના જલગાંવ જીલ્લાના અડાવદ પો.સ્ટે.ગુરનં.

૫/૨૦૧૭ ૧૨૦ ૩૫૪ મુજબના ગુનામાં નાસતો ફરતો આરોપી જગન્નાથ ઉર્ફે જગન ફકીરા વારડે, ઉ.વ.૪૬, મુળ રહે. ગોરગાવલે, તા. ચોપડા, જી. જલગાંવ હાલ રહે. વિજયનગર, ગડખોલ ના ગડખોલ પાટીયા પાસે છઠ્ઠ પુજાના કાર્યક્રમ નજીક ઉભેલ છે. જે બાતમી આધારે આરોપી જગન્નાથને તારીખ ૧૩ નવેમ્બર ના રોજ સી.આર.પી..સી.કલમ-૪૧(૧) આઈ મુજબ ગડખોલ પાટીયા પાસેથી પેરોલ ફર્લો સ્કોડ ભરૂચની ટીમે ઝડપી પાડી કાયદેસર કાર્યવાહીહ્લકરી મહારાષ્ટ્ર જલગાંવ જીલ્લાના અડાવદ પો.સ્ટે.ને આગળની કાર્યવાહી કરવા અંકલેશ્વર શહેર પો.સ્ટે.ને સુપ્રત કરવામાં આવેલ છે.

આ કામગીરી ભરૂચ પેરોલ ફર્લો સ્કોડના પો.સ.ઈ. જે.વાય.પઠાણ તથા અ.હે.કો. ગુલામખાન સરદારખાન બ.નં. ૯૩૩, અ.હે.કો. હરેન્દ્ર બશીલાલ બ.નં. ૮૨૮, અ.હે.કો. નરેન્દ્રકુમાર નટવરસિંહ બ.નં. ૧૩૩૧, તથા અ.હે.કો કુતબુદ્દીન અમીરૂદદીન બ.નં. ૧૩૮૫, અ.હે.કો. હરેશ રામકૃષ્ણ બ.નં. ૧૪૦૯, અ.હે.કો. મગનભાઇ દોલાભાઇ બ.નં. ૧૨૫૩, અ.પો.કો. નિલેષ ભાઇ નારસંગભાઇ બ.નં. ૧૮૦૪, લો.પો.કો. વિશાલ રમેશભાઇ બ.નં.૧૧૩૪ વુ.પો.કો. નિતાબેન રમણસિંહ દ્વારા ટીમવર્ક થી કરવામાં આવી છે.

જંગ-એ-ગુજરાત અખબારના અહેવાલ બાદ પોલીસે ભંગાર પકડ્યો !?

ગતરોજ જંગ એ ગુજરાત માં પ્રકાશિત થયેલ અહેવાલ બાદ સફાળી જાગેલી સુરત ગ્રામ્ય ની કોસંબા પોલીસે કથિત બંધ નાકોડા ફેકટરી આસપાસ થી ટેમ્પોમાં ભંગાર પકડી સિદ્ધ કર્યું કે કંઈક તો પ્રકાશિત સમાચાર માં સત્યતા હતી ભલે પોલીસે ૪૧(ડી) લગાડી હવે સુરત જિલ્લા પોલીસ અધિક્ષક અને બાહોશ રેન્જ આઈજીપી કોસંબા પોલીસ ના કોલ ડિટેલ કઢાવે તોજ સાચી હકીકત બહાર આવે તેમ છે અત્રે પ્રશ્ન એ ઉભો થાય કે પ્રકાશિત સમાચાર માં કથિત શબ્દ પ્રયોગ છેજ એનો મતલબ એમ થાય કે કદાચ પોલીસ કર્મી નું ઈનવોલમેન્ટ હોય પણ અને ના પણ હોય છતાં “ચોરકી દાઢી મેં તીનકા”ઉક્તિ ની જેમ બેબાકળા બનેલ કથિત પોલીસ કર્મી અન્યો દ્વારા પુછાવે છેકે બાતમી દાર કોણ? અરેભાઈ બાતમિદાર નું નામ જાહેર ના કરાય અને કથિત ભંગાર ચોરી માં કોનું ઈનવોલમેન્ટ છે એતો સુરત ગ્રામ્ય જિલ્લા પોલીસ અધિક્ષક કોસંબા પો.સ્ટે.ના કર્મીઓ ની સીડીઆર કઢાવે ટાવર લોકેશન મેળવે તો આપોઆપ દૂધનું દૂધ ને પાણી નું પાણી થઈ જશે પણ હાલના તબક્કે એટલું જરૂર કહેવાય કે સમાચાર ફરતા થયા કે તુરંત ભંગાર પકડયો ત્યારે શંકા ની સોય કઈ તરફ જાય એ જિલ્લા પોલીસ અધિક્ષક અને રેન્જ આઈજી સાહેબ જ નક્કી કરે કે આ સમાચાર બાદ જ તુરંત કેમ ભંગાર પકડયો ?બાકી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે બાતમિદાર ના નામ ન પુછાય અને પ્રકાશિત સમાચાર બાબતે ધમકી ના અપાય એટલું પ્રજા અને ઉપરી અધિકારી જાણે જ છે.

અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે જો બેન્ક ના નાણાં બાકી હોય તો બેકે પણ આ બાબતે સજાગ રહેવું જરૂરી છે,સિક્યોરિટી રાખી તારણ માં રાખેલ મશીનરી ક્યાં તો નાણાં વસૂલવા વેચી દઈ ઝડપી રિકવરી કરવી જોઈએ અથવા સમયાંતરે વિઝીટ કરી ચોરી જેવી ઘટના બને તો પોલીસ દફતરે ફરિયાદ નોંધાવવીજ જોઈએ પણ તારણ માં લીધેલ ફેકટરી ને દાળ તરવાડી નું ખેતર તો નજ બનાવાય.

પ્રાઇમ વિગતો અનુસાર ભંગાર ના ધંધામાં પણ વેચનાર લેનાર પાસે જીએસટી નંબર હોવો જરૂરી છે ત્યારે જોવાનું એ રહે કે સેલ્સ ટેક્સ વિભાગ કે પોલીસ વિભાગ જયારે ભંગાર ભરાતો હોય કે ભંગાર નું વહન થતું હોય ત્યારે જીએસટી અને ઇ વે બિલ વાહન સાથે છે કે નહી તે જોવું પણ જરૂરી છે માત્ર કાચા ચલણ પર ભંગાર ખરીદનારે પણ જીએસટી ભરવો પડે છે આમ સરકાર ની અસરકારક નીતિ થી ચોર પકડવામાં સફળતા મળી શકે છે.